# F4 ૪.૪.૧. મનોરમા.

ઉત્તર ભારતમાં ચંપાપૂરી નગરીનો દધિવાહન નામે રાજા હતો. અભયાનામે રાણી હતી. ત્યાં સુદર્શન નામે શીલ સદાચારી જીવન ગાળતો શ્રાવક (શ્રેષ્ઠિ) રહેતો હતો. તેના નીતિ-નિયમોની નગરમાં ખૂબ પ્રશંસા થતી હતી. તેને મન પરસ્રી, માતા અને દીકરી સમાન હતા. ક્યારેય વિકારી આંખથી કોઈ ઉપર નજર નહીં નાખવાનું અણવ્રત હતું. અને તેની પત્ની મનોરમા નામે, શીયળવંતી સ્રી હતી.

પુરોહિત પત્ની કપિલા સુદર્શન ઉપર મોહી પડી, મોહજાળ રચી એકાંતમા ફસાવવાનો આબાદ કારસો રચ્યો હતો. પરંતુ તેમા યુક્તિ પૂર્વક છૂટી ગયાં અને રૂપવંતી અભયાના કાન ભંભેર્યા. અને પોતાનો પણ રૂપ ઘમંડ હણાયાનું ઝેર લાગ્યું.

એકવાર પર્વના મોટા દિવસે સુદર્શન શેઠ કાઉસગ્ગ ધ્યાને ઉભા હતા, ત્યારે અંગત વિશ્વાસુ સેવકો દ્વારા ઉભાને ઉભા પકડી – ઉપાડીને અભયારાણી પાસે મહેલમાં લાવવામાં આવ્યા. રાણીએ તેને વશ થવા માટે સામ-દામ-દંડ-ભેદનો પ્રયોગો વાતો કરી જોયાં. પરંતુ સુદર્શન સહેજે ચલિત થયા વિના મૌન પણે જ કાઉસગ્ગ ધ્યાને રહ્યા અને અનશન (ઉપવાસ) ની પ્રતિજ્ઞા લીધી કે આ આપત્તિમાંથી છૂટકારો ન થાય ત્યાં સુધી પ્રભુ ધ્યાનમાં જ રહેવું. અભયાના તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં વધુ ઉશ્કેરાઈ, દેહ ઉપર સ્વયં બળાત્કાર ઉપસાવી શેઠ ઉપર બળાત્કારનો આરોપ મુકયાં. હો-હા મચી ગઈ.

બીજે દિને રાજ સભામાં રાજવી પાસે શેઠને ઊભા કર્યા શેઠને ખુલાસા પુછ્યાં, વારંવાર બળાત્કાર અંગેના જવાબો પુછવામાં આવ્યાં. પરંતુ સુદર્શન શેઠ માત્ર ક્રિયા તત્પર ન હતાં દયાળુ અને કરુણાળું પણ હતા. મૌન રહ્યાં, સાચી વાત જણાવીશ તો રાજરાણીને માથે આફત આવશે, કડક શિક્ષા થાય તે કરતાં સ્વયં શિક્ષા લેવા મૌન જ રાખ્યું. કોઈ ખુલાસો ન કર્યો. અંતે રાજાએ શેઠને શૂળી ઉપર ચડાવવાની દેહાંત દંડની સજા ફટકારી દીધી નગરજનોને વિશ્વાસ ઉઠી ગયો .. શંકા-કુશંકાઓ ફેલાવા લાગી.

મનોરમા સ્રીને કાને બધી વાત પહોંચી સ્વપતિ ઉપરની દ્રઢ શ્રદ્ધા હતી કે મારા સ્વામી આવુ અપકૃત્ય કરે જ નહિં. અશુભ કર્મનું તીવ્ર ફળ ગણી, સ્વયં ઘરની અગાશીમાં એકલા ચડી પ્રભુવીર જે દિશામાં હતાં તે, દિશામાં પોતે પણ અનશન કરી કાઉસગ્ગ ધ્યાને ઊભી રહ્યાં. પ્રભુ ધ્યાનની તીવ્રતા વધી ગઈ. સતીની શ્રદ્ધા – પવિત્રતા, એકાગ્રતા અને ધ્યાન શુદ્ધિને કારણે શાસન દેવી પ્રગટ થયા. સર્વ વિગત જાણી-મનોરમાની ભક્તિ – ધર્મ વિશ્વાસ જોઈને દેવીએ શૂળીને સ્થાને સોનાનું સિંહાસન રચી દીધું. શેઠની ફાંસીનો મોતનો ગાળીયો તૂટી ગયો. રાણીનો પ્રપંચ ખુલ્લો પડી ગયો. લોકો આશ્ચર્યથી અભિભૂત થયાં. રાજાએ ક્ષમા માંગી, સર્વ નગરજનોએ શેઠ સુદર્શન અને સતી મનોરમાનો જયનાદ કર્યો.

સુદર્શન-મનોરમા બંને દંપતી સંસારની અનિત્યતાદિ ભાવનાથી ભાવિત થયાં. સંયમગ્રહણ કર્યું. શુભ ધ્યાને શ્રેણી ઉપર ચડી કેવલી થયાં અને સર્વકર્મથી મુક્ત થઈ મોક્ષે પધાર્યા.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

# F4 ૪.૪.૨. સુલસા.

શ્રેણિક રાજાના રાજ્યમાં નાગ નામના સારથીની પત્ની સતી સુલસા હતી, તેને કોઈ સંતતિ નહોતી થતી તેથી શ્રાવક નાગ, ચિંતાતુર રહેતો હતો પરંતુ સતી વિશેષ પ્રકારે ધર્મધ્યાન, આયંબિલ, ભૂમિશયન વગેરે કરતી. એક વાર સમ્યગ્ દૃષ્ટિ દેવ સુલસાના સમ્યક્ત્વની પ્રશંસા કરી તે સાંભળી  હરિણગમેષી દેવ પરીક્ષા કરવા બે સાધુના વેશમાં નાગ શ્રાવકને ઘેર આવ્યા અને અતિકિંમતિ સહસ્રપાક તેલની માંગણી કરી. સુલસા તે લેવા ગઈ અને શીશા (બોટલ) જમીન પર પડી ગયાં, ફરી લેવા ગઈ અને પડી ગયા આમ બીજા – ત્રીજા ચોથા એમ સાત શીશાઓ ભાંગી ગયાં છતાં સુલસાની ભક્તિ ભાવ એવો જ ઉત્કૃષ્ટ રહ્યો. આથી દેવોએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું. ત્યારે તેણે નાગ શ્રાવકની ધર્મમાં શ્રદ્ધા ટકી રહે તે માટે પુત્ર પ્રાપ્તિની ઈચ્છા વ્યક્ત કરી. દેવતાએ બત્રીસ ગોળી આપી અને કહ્યું એક ગોળી થી એક પુત્ર થશે. સુલસા એ વિચાર્યું આમ કરીશ તો ધર્મ કરવામાં વારંવાર અંતરાય ઉભો થશે તેની કરતા મારે બત્રીસ લક્ષણો એક જ પુત્ર થાય તો સારું. આમ વિચારી બત્રીસ ગોળી સાથે જ લઈ લીધી. સુલસાને અસહ્ય પીડા થવા લાગી, તેણે હરિણગમેષી દેવનો કાઉસગ્ગ કર્યો, અને તેની પીડા શ્રદ્ધા જોઈ હરી લીધી, પરંતુ કહ્યું તને બત્રીસ પુત્રો એક સાથે થશે અને તેઓ સાથે જ મરશે. તે જ પ્રમાણે થયું. બત્રીશ પુત્રો યુવાન થયે રાજા શ્રેણિકના વિશ્વાસુ સેવકો થયા.

ચેટક રાજા સાથેના યુદ્ધમાં સુલસાના બત્રીસ પુત્રો એક સાથે મરી ગયા. સુલસાને ખૂબ જ દુ:ખ થયું. અભયકુમારે તેને શાંત પાડી, ચંપા નગરીમાં અંબડ શ્રાવક તેની પરીક્ષા કરવા તત્પર થયો. આખું ગામ તેના દર્શન કરવા ગયું પરંતુ સુલસા ન ગઈ. પ્રભુ મહાવીર પ્રત્યેની અટલ અને અચલ શ્રદ્ધા જોઈ.

આથી પ્રસન્ન થઈ અંબડ પરિવ્રાજક પ્રભુ વીરનો સંદેશો સુલસાને આપ્યો, ત્યારે પ્રભુની દિશામાં ભાવ વિભોર બની નમસ્કાર કરી તેમની સ્તવના કીધી. સુલસા ધર્મ પામી સ્વર્ગમાં ગઈ. આવતી ચોવીસીમાં ભરતખંડમાં નર્મમ નામના પંદરમા તીર્થંકર થશે અને મોક્ષમાં જશે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

# F4 ૪.૪.૩.   રોહિણીકથા.

રાજગૃહી નગરીમાં ધન્ય શેઠ અને ભદ્રાને ત્યાં ચાર પુત્રો ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત હતા. તેમની પત્નીઓ ઉજ્જિઝકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી હતી. બધાં સંયુક્ત રહેતા હતા.

એક વાર સસરાંએ આ ચારેય પુત્રવધૂઓ પૈકી કોની કેટલી ? કેવી લાયકાત છે? તે જાણવા માટે ધન્યશેઠે પોતાની ચારેય પુત્રવધૂઓને ડાંગરના પાંચ દાણા આપ્યા અને કહ્યું "તમે આ દાણા સાચવજો અને જયારે હું માંગુ ત્યારે પાછા આપજો." આ સાંભળી મોટી "વહુએ કોઠારમાં બીજો પડયા જ છે" એમ વિચારી ફેંકી દીધા. બીજી, વહુ સાફ કરીને ખાઈ ગઈ, ત્રીજી, વહુએ ચોખ્ખા કપડામાં વિંટાળી એક ડબ્બીમાં ભરી પોતાના ઓશીકા નીચે રાખ્યા. અને ચોથી વહુ શ્વસુરનો સાચો મર્મ સમજી ગઈ અને પોતાના પિયરીયાને બોલાવી, એક નાના ક્યારામાં જુદા વાવવા કહી દીધું. પાંચ વર્ષ સુધી આમ વાવતા અનેક ગાડા ભરાય તેટલી ડાંગર થઈ, પાંચ વર્ષે ધન્ય સાર્થવાહે વહૂઓ પાસે દાણા પાછા માંગ્યા. રોહિણીએ જવાબ આપ્યો "એમ દાણાં નહિ આવે, આપ ગાડા મોકલાવો તો આવે" ધન્ય શેઠે રોહિણીને ઘરની બધી જવાબદારી સોંપી. ઘરની સ્વામીની બનાવી ત્રીજીને જવાબદારી રખેવાળી સોંપી, બીજીને રસોડાની જવાબદારી સોંચી અને પહેલીને ઘરની સફાઈનું કામ સોંપ્યું. આ દૃષ્ટાંત કથા દ્વારા વીરપ્રભુએ કહ્યું "જે શ્રમણ પહેલી જેવું વર્તન કરે તે અધોગતિએ જાય, બીજી જેવું જે કરે તે પરલોકમાં દુઃખના ભાગી થાય, અને ત્રીજી જેવું જે વર્તન કરે તે મનુષ્ય જીવન સાર્થક કરે અને ચોથી રોહિણી જેવું જે વર્તન કરે તે મોક્ષ સુખને પામે."

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# F4 ૪.૪.૪. ચંદનબાલા.

શતાનિક રાજા સાથેના યુદ્ધમાં રાજા દધિવાહન હારી ગયા હતા. એક સુભટે તેની રાણી ધારિણી અને પુત્રી વસુમતી (ચંદનબાળા)ને પકડી લીધા હતાં. શીયલ જોખમમાં મુકાતા ધારિણીએ પ્રાણત્યાગ કર્યા અને વસુમતીને બજારમાં વેચવા ઊભી રાખી હતી. તે સમયે નગરના એક શ્રાવક ધનાવહ શેઠ અને મૂળાં શેઠાણીએ ચંદનાને વેચાતી લીધી હતી. ઘરમાં તે દાસી કર્મ કરતી હતી પરંતુ શેઠે તેને પુત્રીવત્ જોઈ. શેઠાણી શંકાશીલ હતી. એકવાર બહારથી આવેલા શેઠના પગ ધોતા, ધોતા શેઠે વસુમતિના વાળ સરખા કર્યા, આ દૃશ્ય મૂળા શેઠાણીએ જોયું અને તેની શંકા દૃઢ થઈ. એક વખત શેઠ બહારગામ ગયા હતા, ત્યારે મૂળા શેઠાણીએ વસુમતીનું મસ્તક મૂંડાવી કાઢયું અને, પગમાં સાંકળ બાંધી ભોંયરામાં પૂરી દીધી. વસુમતી પ્રભુનું સ્મરણ કરતી રહી અને ત્રણ દિવસનો અઠ્ઠમ તપ કરી લીધો. જ્યારે બહારગામથી શેઠે આવી વિગતે હકીકત જાણી અને દુઃખી થયાં. અને દુઃખપૂર્ણ ચંદનાને મુક્ત કરાવવા લુહારને તુરત જ તેડવા ગયા અને તેને બહાર બેસાડી રસોડમાં જઈ જે તૈયાર હાથમાં આવ્યું તે સૂપડાંમાં બાકુળાં ભોજન નિમિત્તે આપ્યાં, અહીં વસુમતી આવાં કષ્ટ પૂર્ણ પ્રસંગે પણ વહોરાવવાની ભાવના કરે છે ત્યારે જ ભિક્ષાર્થે નીકળેલા વીર પ્રભુને ચંદના જુએ છે, પ્રભુને આવકારે છે. પ્રભુને પારણા માટે અભિગ્રહ હતો, કે ઉંબરામાં બેઠી હોય, એક પગ અંદર હોય અને એક પગ બહાર હોય, ભાવે કરી રાજપુત્રી હોય, પરંતુ દાસીપણું પામી હોય, પગમાં બેડી હોય, મસ્તક મુંડાવેલું હોય, રૂદન કરતી હોય, અઠ્ઠમ તપવાળી હોય, સૂંપડાંના ખૂણામાં બાકુળાં હોય અને ભિક્ષાકાળ વ્યતીત થયો હોય તો વહોરવું. ચંદનબાળાએ પ્રભુને જોયા પ્રભુ નજીક આવ્યા વહોરાવવાનો લાભ મળ્યો. ચંદનબાળાની આંખમાં હર્ષના અશ્રુ આવ્યાં કે સાક્ષાત્ પ્રભુ મહાવીર પધાર્યા, પ્રભુની તમામ શરતો પૂરી થઈ. અને પ્રભુએ બાકુળા વહોર્યા. તરત તે ઘરમાં દેવતાઓએ સાડા બાર કરોડ સુવર્ણની વૃષ્ટિ કરી, બેડી તૂટી ગઈ, વાળ ઊગી નીકળ્યા અને રાજકુંવરીનું રૂપ ખીલી ઊઠ્યું, પ્રભુએ પાંચ માસ અને પચ્ચીસ દિને પારણું કર્યું હતું. મૂળા શેઠાણીનો રોષ ઉતરી ગયો. બધું સુવર્ણ સાત ક્ષેત્રમાં વાપરી ચંદનબાળાએ દીક્ષા લીધી. પ્રભુવીરની પ્રથમ સાધ્વી થઈ. અંતે ચંદનબાળાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને મોક્ષમાં પધાર્યા.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु